# ગુજરાત વિધાનસભા સચિવાલય

(બીજું સત્ર )

----

[સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - નર્મદા અને કલ્પસર - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - રમતગમત અને યુવક સેવા - પંચાયત વહિવટી સુધારણા ].

કુલ પ્રશ્નો 31

----

## કડી તાલુકાની ખાવડ-૨ માઈનોર કેનાલની બાકી કામગીરી

***1 શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**નર્મદા અને કલ્પસર :-**

(૧)તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના કડી તાલુકાની ખાવડ-૨ માઈનોર કેનાલનું બાંધકામ પૂર્ણ થયેલ છે કે કેમ,

(૨)જો હા, તો તેની સબ માઈનોર કેનાલના કેટલા સમયમાં કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩)તેનાથી કેટલા ગામોને સિંચાઈનો લાભ મળેલ છે ?

----

## સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ માટે જમીન સંપાદન કરવા બાબત

***2 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧)તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સાપુતારા-સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ માટેની જમીન સંપાદનની કામગીરી ચાલુ છે એ હકીકત સાચી છે,

(૨)જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત સંપાદન પ્રક્રિયા માટે ગ્રામસભા લોક સુનાવણી કે ખેડૂતોની સંમતિ લેવાની કામગીરી કરવામાં આવેલ છે કે કેમ ?

----

**મહેસાણા જિલ્લામાં રેલ્વે માટે જમીન સંપાદન કરવા એવોર્ડ જાહેર કરવા બાબત**

***3 ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કટોસણ-બેચરાજી-ચાણસ્મા-રણુજ રેલ લાઇન ગેઝ કન્વર્ઝન પ્રોજેક્ટ માટે મહેસાણા જિલ્લામાં કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને

(૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ?

----

**સુરત જિલ્લાના નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

***4 શ્રી ભુપેન્દ્રભાઇ ગાંડુભાઇ ભાયાણી (વિસાવદર):**

**પંચાયત :-**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટમાંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

----

**Question for Home**

***5 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

Question for Home

----

**અમદાવાદ ચંડોળા તળાવના ડેવલપમેન્ટની કામગીરી**

***6 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી કલેક્ટર અમદાવાદના પરામર્શમાં ચાલી રહેલ તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો,

(૨) ઉક્ત તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત તળાવનો કબ્જો ક્યાં સુધીમાં મેળવવામાં આવશે ?

----

**સરદાર સરોવર ડેમમાંથી કાંપ કાઢવા બાબત**

*7 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**નર્મદા અને કલ્પસર :-**

(૧)તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર બંધ બાંધ્યા પછી આ બંધમાંથી કાંપ કાઢવા માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવાઈ, અને

(૨)ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ અન્વયે વર્ષ વાર કેટલો કાંપ દૂર કરીને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

----

**Qes for Gad**

*8 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**સામાન્ય વહિવટ :-**

Question for Gad

----

**બનાસકાંઠા જિલ્લામાં આવેલ જર્જરીત વિશ્રામગૃહો**

*9 **શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વાવ, ભાભર અને સુઈગામ વિશ્રામગૃહ જર્જરીત હાલતમાં છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વિશ્રામગૃહો નવા બનાવવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

----

**પંચમહાલ જિલ્લાના નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને ફાળવેલ ગ્રાન્ટ**

*10 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પંચાયત :-**

(૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે ગ્રાન્ટ માંથી તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું,

(૩) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા કામ પૂર્ણ કરવામાં આવ્યાં, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## QUESTION FOR AGRICULTURE

*11 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

QUESTION FOR AGRICULTURE

----

## અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ

*12 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલ છે,

(૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને

(૩) આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## રાજ્યમાં આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન

*13 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) ગીરનાર સિવાય રાજ્યના અન્ય પર્વતો પર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો અન્ય ક્યા પર્વતો પર આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે, અને

(૩) આ સ્પર્ધા પાછળ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ?

----

## સુરત જિલ્લામાં "ઈનસ્કૂલ" શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

***14 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ કેટલી ઈનસ્કૂલ શાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે અને સમાવેશ થયેલ રમતમાં કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો

***15 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં હકક પત્રક નોંધોનો નિકાલ

***16 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી હકકપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

----

## જામનગર શહેરમાં ઝોન ફેર કરવાની મંજૂરી

***17 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકા અને જામનગર

શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવેશ થતા વિસ્તારમાં ઝોનફેર કરવાની કેટલી માંગણીઓ મંજૂર કરવામાં આવી,

(૨) જો હા, તો ઉક્ત માંગણીવાર કેટલી જમીન કયા ઝોનમાંથી કયા ઝોનમાં ફેરફાર કરવાની મંજૂરી આપવામાં આવેલ,

(૩) ઉક્ત ઝોન ફેરફાર કરવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત ઝોન ફેરફારથી ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂરીવાર કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે ?

----

## અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ

***18 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલ છે,

(૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને

(૩) આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ મંજૂર જગ્યાઓ

***19 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**ખાણ અને ખનિજ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે,

(૨)ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને

(૩)ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

----

## ખેડા જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન

***20 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ (બુલેટ

ટ્રેન) માટે કુલ કેટલા હેક્ટર ખાનગી જમીન સંપાદન કરવાની થાય છે,

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટર જમીન સંપાદન કરવા માટે એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને

(૩) કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલા હેક્ટર જમીન માટે સંમતિ એવોર્ડ જાહેર કરવામાં આવ્યો ?

----

## જૂનાગઢ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ

***21 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પંચાયત :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તલાટીની ખાલી જગ્યાઓ ભરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

----

## સરદાર સરોવર ડેમમાંથી કાંપ કાઢવા બાબત

***22 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**નર્મદા અને કલ્પસર :-**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર બંધ બાંધ્યા પછી આ બંધમાંથી કાંપ કાઢવા માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ અન્વયે વર્ષ વાર કેટલો કાંપ દૂર કરીને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

----

## બેચરાજી તાલુકાની વિશાખા, પ્રશાખા અને પ્ર-પ્રશાખા નહેરની બાકી કામગીરી

***23 શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**નર્મદા અને કલ્પસર :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાંથી પસાર થતી શાખા વિશાખા તેમજ તેની પ્રશાખા તથા પ્ર-પ્રશાખા નહેરનાં કામ ક્યા તબક્કે છે,

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩) આ કામ પૂર્ણ થતાં કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

----

## સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ માટે સમિતિનું ગઠન

***24 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**વહિવટી સુધારણા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સિધ્ધ કરવા કોઈ સમિતિનું ગઠન થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સમિતિનું ગઠન ક્યારે થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, અને

(૪) ઉક્ત બેઠકમાં કેટલા અધિકારી અને પદાધિકારી હાજર રહેલ ?

----

## મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલા કેફી દ્રવ્યો

***25 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને પંચમહાલ જિલ્લામાંથી જિલ્લાવાર વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થોનો કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ જથ્થા અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૪) ઉક્ત ધરપકડ કરવાના બાકી ઈસમોને પકડવા માટે શું કાર્યવાહી કરી ?

----

## ગીર સોમનાથ જિલ્લાના ઈકો સેન્સિટીવ ઝોનમાં કાર્યરત લીઝો

***26 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ખાણ અને ખનિજ :-**

(૧) શું એ વાત સાચી છે કે તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, તાલાલા અને ઉના તાલુકામાં ગીર અભયારણ્ય વિસ્તારના ઈકો સેન્સિટિવ ઝોનમાં સ્ટોન ક્રસર અને માઈનીંગ લીઝ ચાલે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો શું આ લીઝને સરકાર દ્વારા પરવાના આપેલ છે કે કેમ, અને

(૩) અને જો ના તો, વિસ્તારના ઈકો સેન્સિટિવ ઝોનમાં સ્ટોન ક્રસર અને માઈનીંગ લીઝ બંધ કરવા છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી ?

----

## એસીબી તંત્ર દ્વારા અપ્રમાણસર મિલકતના કેસો

***27 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લાંચ રૂશ્વત બ્યુરો (ACB) દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કેટલાં અધિકારીઓ/કર્મચારીઓ સામે અપ્રમાણસર મિલકતના કેસો કરવામાં આવ્યા,

(૨)ઉક્ત સ્થિતિએ કેટલા અધિકારીઓ કે કર્મચારીઓની સામે તપાસ ચાલુ છે,

(૩)ઉક્ત સ્થિતિએ કેટલા અધિકારીઓ કે કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે, અને

(૪) કેટલા સામે ચાર્જશીટ કરવામાં આવી ?

----

## જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

***28 શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**પંચાયત :-**

(૧)તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨)તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

----

## બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

***29 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ (ખંભાત):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં બનાસકાંઠા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

----

## દાહોદ જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ યોજના અંતર્ગત ખેલાડીઓને લાભ

***30 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત કેટલી શાળાઓ આવેલ છે,

(૨) આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કેટલા ખેલાડીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે, અને

(૩) આ યોજના અંતર્ગત આ શાળાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેલાડીઓ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ મંજૂર જગ્યાઓ

***31 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ખાણ અને ખનિજ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ની કેટલી જગ્યાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

----